# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૭ તા.૧૯-૦૬-૨૦૨૧

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- Digital Gujarat Portal પર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય/ સાયકલ યોજનાના અમલ બાબત (વર્ષ ૨૦૨૧-૨૨)
(Website:https://www.digitalgujarat.gov.in)

સંદર્ભ :- નં.નાનિ/અજાક/શિક્ષણ/૨૧-૨૨/૪૫૦૪-૬૧૫૪ નાયબ નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણની કચેરીનો તા.૦૮-૦૬-૨૦૨૧ નો પત્ર.

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનોઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થી શિષ્યવૃત્તિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર (D.B.T.) થી ચુકવી શકાય તે હેતુથી રાજ્ય સરકારશ્રી દ્વારા Digital Gujarat Portal ડેવલોપ કરવામાં આવેલ છે. અગાઉના વર્ષે જે રીતે રાજ્ય સરકાર/ ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરવામાં આવેલ હતો તે જ રીતે અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાના આ સાથેના પત્રક-અ મુજબ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં અમલ કરવાનો થાય છે. આ સાથે સામેલ સંદર્ભિત પત્ર તથા વર્ષ ૨૦૨૧-૨૨માં ઓનલાઇન એન્ટ્રી/દરખાસ્ત કરવા અંગેની અગત્યની માર્ગદર્શક સુચનાઓ મુજબ કામગીરી કરવાની રહેશે. જો કોઇ લાભાર્થી વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત રહેશે તો તેની સઘળી જવાબદારી જે-તે મુખ્ય શિક્ષકશ્રીની રહેશે. જેની નોંધ લેશો.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૧૯-૦૬-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરીપત્ર

ડિજિટલ ગુજરાત પોર્ટલ
અગત્યનું / સમયમર્યાદા

નં.નાનિ/અજાક/શિક્ષણ/૨૧-૨૨/૪૫૦૪-૬૮૫૪
નાયબ નિયામક, અનુ.જાતિ કલ્યાણ,
૧૦મો માળ, બહુમાળી મકાન,
અપના બજાર, લાલદરવાજા, અમદાવાદ.
ફોન: ૦૭૯-૨૫૫૦૧૧૨૩
ઈ-મેઈલ:-dbcwo-ahd@gujarat.gov.in
તા: ૮/ ૬ /૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી, (તમામ)
..........................................
..........................................
..........................................

વિષય:- **Digital Gujarat Portal** પર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાય /સાયકલ યોજનાના અમલ બાબત (વર્ષ ૨૦૨૧-૨૨)
**(Website: https://www.digitalgujarat.gov.in)**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની યોજનાઓ અંતર્ગત લાભાર્થી/વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ/સહાયનો લાભ સીધા તેઓના બેંક ખાતામાં એક જ જગ્યાએથી ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (D.B.T.)થી ચુકવી શકાય તે હેતુ થી રાજ્ય સરકારશ્રી દ્વારા **Digital Gujarat Portal** ડેવલોપ કરવામાં આવેલ છે. શાળાના આચાર્યશ્રીઓના સહકારથી ઉક્ત પોર્ટલ મારફત વિદ્યાર્થીઓની ઓનલાઇન દરખાસ્તો મંગાવી શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાની કામગીરી કરવામાં આવે છે.

**Digital Gujarat Portal**માં હાલ અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. અગાઉના વર્ષે જે રીતે રાજ્ય સરકાર/ભારત સરકારશ્રીની શિષ્યવૃતિ/ ગણવેશ સહાય/ સાયકલ સહાય યોજનાઓનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ પર કરવામાં આવેલ હતો તે જ રીતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં અમલ કરવાનો થાય છે. ચાલુ વર્ષે **Digital Gujarat Portal**માં જે સામાન્ય સુધારા વધારા કરવામાં આવેલ છે તેની સમજ આ સાથેની માર્ગદર્શક સૂચનાઓના આધારે મેળવવાની રહેશે. વર્ષ:૨૦૨૧-૨૨ના શૈક્ષણિક માટે તમામ આચાર્યશ્રીઓને સૂચના આપવામાં આવે છે કે આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની દરખાસ્તો આ સાથેના માસવાર આયોજનના પત્રકમાં દર્શાવેલ સૂચનાઓ મુજબ ઓનલાઇન કરવાની રહેશે. આ સાથેના પત્રક મુજબની યોજના ઓફ્લાઇન પત્રકોના આધારે મંજૂર કરવામાં આવશે નહિ. જેની તમામ શાળાઓએ નોંધ લેવી.

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ
ડે.એ.ઓ........આસિ. એ.ઓ.........ઝોન
આવક નં...૧૨૯...... તા.૧૫/૦૬/૨૧
શાસનાધિકારી

શાળાઓએ **Digital Gujarat Portal**માં ઓનલાઇન એન્ટ્રી/દરખાસ્તો કેવી રીતે કરવી તે અંગેની તાલીમ અગાઉ આપવામાં આવેલ છે. તેમ છત્તા ડિજિટલ ગુજરાત પોર્ટલમાં થયેલ સામાન્ય સુધારા વધારાના કારણે હવે કાર્યવાહી કેવી રીતે કરવી તે અંગેની માર્ગદર્શક સૂચનાઓ આ સાથે સામેલ છે.

તમામ શાળાઓએ અત્રેના ખાતાની આ સાથેના પત્રક-અ મુજબની યોજનાઓની યોજનાવાર વર્ષ: ૨૦૨૧-૨૨ની ઓનલાઇન દરખાસ્તો આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ સમયસર મોકલવાની રહેશે. ઓનલાઇન દરખાસ્ત મોકલ્યા બાદ દરેક શાળાઓએ યોજનાવાર દરખાસ્તની નકલ કાઢી પોતાની શાળાના રેકર્ડમાં રાખવાની રહેશે જરૂર પડ્યે અત્રેની જિલ્લા કચેરીએ સદરહું દરખાસ્તની નકલ રજુ કરવાની રહેશે.

**વધુમાં અત્રેના ખાતાની ૨ યોજનાઓ જેવી કે (૧) BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation અને (૨) BCK-35 (239) PreMatric Scholarship for SC Students (GoI)માં ફરજિયાત વિદ્યાર્થીઓના શિષ્યવૃતિના ફોર્મ ભરી શાળા/સંસ્થા કક્ષાએ રાખવાના રહેશે જરૂર પડ્યે અત્રેની જિલ્લા કચેરીએ સદરહું ફોર્મની નકલ રજુ કરવાની રહેશે. આ બન્ને યોજનાઓમાં વિદ્યાર્થીઓના ફોર્મ ભર્યા બાદ જરૂરી આનુષાંગિક તમામ ડોક્યુમેન્ટ મેળવી ફોર્મ સાથે ફરજિયાત રાખવાના રહેશે. જો આ શિષ્યવૃતિ ફોર્મ તથા આનુષાંગિક ડોક્યુમેન્ટ રાખવામાં નહિ આવેલ હોય અને તે અંગે કોઇ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે અંગેની જવાબદારી જે તે શાળાની રહેશે જેની નોંધ લેશો.**

સરસ્વતી સાધના યોજના (સાયકલ સહાય) અંતર્ગત ધો:૯ની કન્યાઓને ઓનલાઇન દરખાસ્તો કરતી વખતે પિતા/વાલીના આવકના દાખલાની નકલ તેમજ કન્યાઓના જાતિના દાખલાની/જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ પણ અપલોડ કરવાની હોય પ્રપોઝલ બની ગયા બાદ "Cycle Scheme" મેનુમાં જઇ " Director Scheduled Caste Welfare" ઓપ્શનમાં જઇ " Proposal Cycle Detail" પર ક્લિક કરી જે પ્રપોઝલ સેન્ડ કરવાની હોય તે પ્રપોઝલના તમામ વિદ્યાર્થીનીઓના જાતિના દાખલા/જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ તેમજ તેઓના વાલીના આવકના દાખલાની નકલ અપલોડ કરવાની રહેશે. જાતિ અને આવકના આધાર/પુરાવા અપલોડ કર્યા બાદ જ Cycleની પ્રપોઝલ હાયર ઓથોરીટીને સેન્ડ કરી શકાશે જેની નોંધ લેવા વિનંતી છે.

સરસ્વતી સાધના યોજનામાં આચાર્યશ્રી દ્રારા જે સાયકલની પ્રપોઝલ ઓનલાઇન સેન્ડ કરવામાં આવે, તે મંજૂર થાય ત્યારબાદ આચાર્યશ્રીઓએ સંબધિત ધો:૯ની કન્યાઓને સાયકલ વિતરણ કરવાની રહેશે. કન્યાઓને કઇ સાયકલ આપવામાં આવેલ છે તેની વિગતો પણ પોર્ટલ પર અપડેટ કરવાની હોય, સાયકલનો ચેસીસ નંબર, વિદ્યાર્થીનીને સાયકલ ક્યારે પુરી પાડી વિગેરે વિગતો પોર્ટલ પર આપની કક્ષાએથી અપડેટ કરવાની રહેશે. જેથી આપની શાળાની પ્રપોઝલ જ્યારે હાયર ઓથોરીટીએથી મંજૂર થઇ જાય અને સાયકલોનુ વિતરણ થઇ જાય ત્યારબાદ તેની વિગતો "Cycle Scheme" મેનુમાં જઇ "Director Scheduled Caste Welfare"માં જઇ "Update Cycle Detail" ઓપ્શનમાં જઇને અપડેટ કરવાની રહેશે. જેથી જિલ્લામાં કેટલી સાયકલો વિતરણ કરવામાં આવેલ છે તેની ચોક્કસ વિગતો મેળવી શકાય.

<u>શાળાએ ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા:</u>

૧. વર્ષ: ૨૦૨૧-૨૨ની ઓનલાઇન દરખાસ્ત **https://www.digitalgujarat.gov.in** મારફત કરવાની રહેશે.
૨. તમામ શાળાઓને ગત વર્ષમાં શિષ્યવૃતિની કામગીરી માટે ઉક્ત પોર્ટલના ID/Password આપવામાં આવેલ જ છે જેની મદદથી શિષ્યવૃતિની ઓનલાઇન કામગીરી કરવાની રહેશે. જો

- કોઇ શાળા પોતાનો પાસવર્ડ યાદ ન હોય તો તેવી શાળાઓએ "Forget Password" Option ના આધારે નવો પાસવર્ડ મેળવી લેવાનો રહેશે. (જો કોઇ શાળા પ્રથમ વખત જ લોગીન કરતા હોય તો તેના માટે શાળાનો DISE Code તેઓનો યુઝર આઇ.ડી રહેશે અને By Default પાસવર્ડ Abcd@123 રહેશે જે પ્રથમ વખતના લોગીન માટે રહેશે ત્યારબાદ શાળાએ લોગીન થયેથી પાસવર્ડ બદલવાનો રહેશે.)

૩. જે શાળાઓએ આજ દિન સુધી પોર્ટલમાં લોગીન કરેલ ન હોય તે પ્રત્યેક શાળા/સંસ્થાએ દિન-૨માં ડીજિટલ ગુજરાત પોર્ટલમાં પોતાના યુઝર આઇ.ડી./પાસવર્ડથી પ્રથમ વખત લોગીન કરી લેવાનુ રહેશે.

૪. શાળાઓએ પોતાની શાળાના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની નવી એન્ટ્રી/જુની એન્ટ્રીની ખરાઇ આ સાથેના માસવાર આયોજન પત્રક મુજબ પૂર્ણ કરવાની રહેશે. (સિસ્ટમ દ્વારા ગત વર્ષના તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી એક ધોરણ UP કરી વર્ષ ૨૦૨૧-૨૨ માટે ઓટોમેટીક મૂકવામાં આવનાર છે. જેથી શાળા/સંસ્થાઓએ ગત વર્ષના વિદ્યાર્થીઓની એન્ટ્રી ફરી કરવાની રહેતી નથી માત્ર ને માત્ર વિદ્યાર્થીઓની એન્ટ્રીની ખરાઇ કરવાની રહે છે. એટલે કે જો કોઇ વિદ્યાર્થીની માહિતી ગત વર્ષે ક્ષતિ વાળી એન્ટર થઇ ગયેલ હોય તો તેને સુધારી લેવાની રહેશે. **જો કોઇ વિદ્યાર્થી શાળા છોડી અન્ય શાળામાં ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીની એન્ટ્રી ફરજિયાત Delete કરવાની રહેશે.**

૫. વિદ્યાર્થીઓની એન્ટ્રી એક વખત કરવાની હોય વિદ્યાર્થીઓની તમામ મરજીયાત અને ફરજીયાત વિગતો અવશ્ય નાખવામાં આવે તે વધુ હિતાવહ છે કારણકે આવતા વર્ષે ફરીથી આ વિદ્યાર્થીના ધોરણ સિવાયની માહિતી બદલવાની રહેતી નથી સિવાય કે વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દીધેલ હોય.

૬. તમામ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબર, બેંકનુ નામ, બેંક બ્રાન્ચનુ નામ, IFSC Codeની વિગતો આપવી ફરજીયાત છે કારણકે તેના જ આધારે વિદ્યાર્થીઓના ખાતામાં સીધી શિષ્યવૃતિની રકમ જમા કરવાની હોય છે. વિદ્યાર્થીઓની બેંક ખાતાની વિગતો ખોટી આપવામાં આવશે અને શિષ્યવૃતિ અન્યના ખાતામાં જમા થશે તે અંગેની જવાબદારી શાળા/સંસ્થાની રહેશે જેની નોંધ લેશો.

૭. જે વિદ્યાર્થીઓ પાસે આધારકાર્ડ હોય તેવા તમામ વિદ્યાર્થીઓના આધારકાર્ડની વિગતો આપવાની રહેશે. તમામ એન્ટ્રી કરી લીધા બાદ શાળાએ તમામ વિદ્યાર્થીઓની તમામ વિગત ઓનલાઇન ચેક કરી લેવી જો કોઇ વિગતમાં સુધારો કરવાની જરૂર જણાય તો દરખાસ્ત બનાવ્યા પહેલા જ એવા વિદ્યાર્થીની વિગતો Edit કરી લેવી. ત્યારબાદ જે જાતિના વિદ્યાર્થીઓને જે યોજના લાગુ પડે તે મુજબ શિષ્યવૃતિની ઓનલાઇન દરખાસ્તો (Proposals) કરવી અને સબંધિત જિલ્લા કચેરીને ઓનલાઇન સબમીટ કરવી.

૮. જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે અન્યથા તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એંટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.

૯. જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦વર્ષ થી ઉપર હોય તેવા વિદ્યાર્થીઓના આધાર નંબરની મદદથી **Postal Payment Bank** માં "૦" ઝીરો બેલેન્સથી તાત્કાલિક ખાતુ ખોલાવવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

૧૦. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા અને વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃતિ જમા થઇ શકેલ ન હતી તેવા વિદ્યાર્થીઓના ખાતા ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ

ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કાર્યવાહી કરી ખાતા એક્ટીવ રહે તે માટે કામગીરી ઝડપી કરવાની રહેશે.

૧૧. ચાલુ વર્ષે જો કોઇ વિદ્યાર્થીઓને Epayment કરતી વખતે Epayment Transaction Fail થાય એટલે કે વિદ્યાર્થીઓના ખાતામાં શિષ્યવૃતિ જમા ન થાય તો તેવા વિદ્યાર્થીઓની યાદી શાળાના લોગીનમાં Utility ➔ Update Payment Failed Student Account મેનુ પર ક્લીક કરવાથી જોઇ શકાશે.

જો વિદ્યાર્થીનું ખાતુ ડોરમેન્ટ હોઇ / ફ્રીઝ હોય કે ઇન એક્ટીવ હોય તો તેવા વિદ્યાર્થીઓને "Consent for Reactivated Dormat/ Freeze / Inactive Account" બટનપર ક્લીક કરી જોઇ શકાશે અને આવા વિદ્યાર્થીઓને સંબધિત બેંકનો સંપર્ક કરાવી ખાતુ એક્ટીવ કરાવી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલી આપવાનું રહેશે.

જો વિદ્યાર્થીનો ખાતા નંબર ખોટો નખાઇ ગયેલ હોય તો "Update Bank Account(If Account / IFSC Code Wrong)" બટન પર ક્લીક કરી જે તે વિદ્યાર્થીની બેંકની વિગતો સુધારી ફરી જિલ્લામાં ઓનલાઇન મોકલવાનું રહેશે. તમામ આચાર્યશ્રીઓને ખાસ વિનંતી કે આ મેનુંમાં વિદ્યાર્થી દેખાતા થયેથી તુર્તજ વિદ્યાર્થીની વિગતો અપડેટ કરી/સુધારી દિન-૨માં વિગતો જિલ્લા કચેરીને ઓનલાઇન મોકલી આપવાની રહેશે.

૧૨. નવા વિદ્યાર્થીઓના જો બેંક એકાઉન્ટ ના હોય તો તેના પિતા/વાલીના બેંક ખાતા મેળવીને Student Entry પૂર્ણ કરવી. એક પિતા/વાલીનુ બેંક એકાઉન્ટ વધુમાં વધુ ત્રણ વિદ્યાર્થીઓની એંટ્રીમાં નાખી શકાશે. સૌ પ્રથમ તો જે તે વિદ્યાર્થીઓના બેંક ખાતા ખોલાવી Student Entry કરવાની રહેશે. જો તમામ પ્રયત્નો પછી જો કોઇ વિદ્યાર્થીનુ બેંક ખાતુ ખોલાવી શકાય તેમ ન હોય તો જ પિતા-વાલીના બેંક ખાતાની વિગત Entry કરતી વખતે નાખવાની રહેશે.

**૧૩. ધો:૧ થી ધો:૮ ના પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની પ્રપોઝલ શિષ્યવૃતિની પ્રપોઝલ સાથે જ તૈયાર થઇ જતી હોય ગણવેશ સહાયની પ્રપોઝલ ફરી બનાવવાની રહેતી નથી જેની નોંધ તમામ આચાર્યશ્રીઓએ લેવા વિનંતી છે.**

**૧૪. જો અમુક શાળાઓમાં ધો: ૧ થી ૪, ધો:૫ થી ૮, ધો:૯ થી ૧૦, ધો:૧૧-૧૨ની શાળા અલગ અલગ ચાલતી હોય અને તમામના ડાયસકોડ પણ અલગ અલગ હોય તો તેઓએ જિલ્લાની સર્વ શિક્ષા અભિયાનની કચેરીનો તાત્કાલિક સંપર્ક કરી તેઓની "School Category" સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલપર અપડેશન કરાવી લેવાનુ રહેશે. સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર "School Category" અપડેશન થયા બાદ જ ડિજિટલ ગુજરાત પોર્ટલમાં સુધારા વધારા થઇ શકતા હોય ઉક્ત કામગીરી સંબધિત આચાર્યશ્રીએ તાત્કાલિક કરવાની રહેશે.**

૧૫. જો કોઇ શાળા વિદ્યાર્થીની એંટ્રી કરતા હોય અને "No Data Found From SSA Server" એરર આવે તો આવા સમયે પ્રથમ આવા વિદ્યાર્થીની એંટ્રી સર્વ શિક્ષા અભિયાનના પોર્ટલ પર અપડેટ કરાવવાની રહેશે ત્યારબાદ જ આવા વિદ્યાર્થીઓની એંટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર થઇ શકશે જેની તમામ આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

૧૬. ચાલુ વર્ષે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ આપના તાલુકાના તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને પણ મોનીટરીંગ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલમાં **User ID / Password** આપવામાં આવશે. જેથી સમય મર્યાદામાં ચોકસાઇથી વિદ્યાર્થીની એન્ટ્રી, બેન્ક એકાઉન્ટની વિગતો તેમજ જે તે ખાતાની યોજનાઓ મુજબની ઓનલાઇન દરખાસ્તો કાળજી પૂર્વક અને સમયસર કરવાની રહેશે.

૧૭. ડિજિટલ ગુજરાત પોર્ટલના પ્રશ્નો અન્વયે જરૂર જણાયે ડિજિટલ ગુજરાત પોર્ટલના હેલ્પ ડેસ્ક નં 18002335500 પર સંપર્ક કરવાનો રહેશે.

૧૮. કોવિડ-૧૯ મહામારી અંતર્ગત વખતો વખત સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ સૂચનોને ધ્યાનમાં રાખી ઉક્ત તમામ કામગીરી કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| જિલ્લા શિક્ષણાધિકારી (શહેર)<br>જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી<br>અમદાવાદ | નાયબ નિયામક<br>અનુ.જાતિ કલ્યાણ<br>અમદાવાદ | શાસનાધિકારીશ્રી<br>નગર પ્રાથમિક શિક્ષણ સમિતીની કચેરી<br>અમદાવાદ |

<u>બિડાણ:</u>

૧. અત્રેના ખાતાની ડિજિટલ ગુજરાત પોર્ટલમાં સમાવેશ કરેલ યોજનાઓની વિગત અને શરતો બાબતનુ પત્રક (પત્રક-અ અને પત્રક-બ)

૨. વર્ષ ૨૦૨૧-૨૨નું શાળાઓએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન" અંગેનુ પત્રક

૩. અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલ વાલીના બાળકોને શિષ્યવૃતિ અંગેનુ ફોર્મ.

૪. બીસીકે-૩૫ (૩૨૯) ભારત સરકારશ્રીની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાનુ શિષ્યવૃત્તિ ફોર્મ

<u>નકલ સવિનય રવાના:</u>

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, (શહેર) વસ્ત્રાપુર, અમદાવાદ. તરફ જાણ સારૂ
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, (ગ્રામ્ય) વસ્ત્રાપુર, અમદાવાદ. તરફ જાણ સારૂ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયતની કચેરી, ભદ્ર, અમદાવાદ. તરફ જાણ સારૂ
- શાસનાધિકારીશ્રી, અમદાવાદ મ્યુ.કોર્પોરેશનની કચેરી, નંવરંગપુરા, અમદાવાદ. તરફ જાણ સારૂ

વર્ષ: ૨૦૨૧-૨૨માં Digital Gujarat Portal મારફત Online કરવાની થતી પ્રિમેટ્રીક શિષ્યવૃતિ/ગણવેશ સહાય/સાયકલ સહાય યોજનાઓની વિગત (પત્રક-અ)

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત રાજ્ય

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર

| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર / સહાય (વાર્ષિક) | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | BCK-2/71 PreMatric Scholarship For SC (Std: 1 to 8) & (Std: 9 to 10) | SC (અનુસૂચિત જાતિ) | ધો.૧ થી ૫ | કુમાર/ કન્યા | રૂ.૫૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ/ આશ્રમશાળાઓ |
| | | | ધો. ૬ થી ૮ | કુમાર | રૂ.૫૦૦/- | | |
| | | | ધો. ૬ થી ૮ | કન્યા | રૂ.૭૫૦/- | | |
| | | | ધો. ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | | |
| ૨ | BCK-17 Scholarship for Most Backword Class Among SC Students (Std: 1 to 8) & BCK-17A : (Std: 9 to 10) | SC (માત્ર અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૭૫૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| | | | ધો ૯ થી ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૧૦૦૦/- | | |
| ૩ | BCK-16 Uniform Assistance | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂ.૬૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત શાળાઓ / આશ્રમશાળાઓ |
| ૪ | BCK-6 Free Cycle Scheme for Scheduled Caste Girls Students studying in Std:9 (Saraswati Sadhana Yojana) | SC (તમામ અનુસૂચિત જાતિ) | ધો: ૯ | માત્ર કન્યા | મફત સાયકલ સહાય | શહેરી વિસ્તાર: રૂ. ૧.૫૦ લાખ ગ્રામ્ય વિસ્તાર: રૂ. ૧.૨૦ લાખ | સરકારી તથા ખાનગી તથા અનુદાનિત માધ્યમિક શાળાઓ |

નોંધ: આ ખાતાની યોજના અનુક્રમે (૧) BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation (Std: 1 to 8) & (Std: 9 to 10) તથા (૨) BCK-35 (239) PreMatric Scholarship for SC Students (GoI) (Std: 9-10) માં ફેરફાર થાય તેમ હોય આ યોજના થોડા સમય બાદ ઓનલાઈન શરૂ કરવામાં આવશે. (આચાર્યશ્રીઓએ આ યોજનાના વિદ્યાર્થીઓની એંટ્રીની ચકાસણી કરીને રાખવાની રહેશે.)

## Digital Gujarat Portal મારફત Online કરવાની થતી યોજનાઓની સામાન્ય શરતો (પત્રક-બ)

### સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

### નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર

| ક્રમ | યોજનાનુ નામ | સામાન્ય શરતો |
|---|---|---|
| ૧ | **BCK-2/71 PreMatric Scholarship For SC (Std: 1 to 8) & (Std: 9 to 10)** | - સદરહું યોજનામાં ધો-૧ થી ૧૦ના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે.<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- સદર યોજનામાં ધો-૯ અને ૧૦ ના જે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના વાલીની આવક રૂ.૨.૫૦ લાખથી વધારે હોય તેનો જ સમાવેશ કરવાનો છે. રૂ.૨.૫૦ લાખથી ઓછી આવક વાળા વિદ્યાર્થીઓને બીસીકે-૩૫ (૨૩૯) યોજનામાં સમાવવાના રહેશે.<br>- વર્ષ: ૨૦૨૦-૨૧ થી ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.<br>- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિ મળવાપાત્ર નથી. |
| ૨ | **BCK-17 Scholarship for Most Backword Class Among SC Students (Std: 1 to 8) & BCK-17A : (Std: 9 to 10)** | - સદરહું યોજનામાં ધો-૧ થી ૧૦ના અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- સદર યોજનામાં ધો-૯ થી ૧૦ના અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના જે વિદ્યાર્થીઓના વાલીની આવક રૂ.૨.૫૦ લાખથી વધારે હોય તેનો જ સમાવેશ કરવાનો છે. રૂ.૨.૫૦ લાખથી ઓછી આવક વાળા વિદ્યાર્થીઓને બીસીકે-૩૫ (૨૩૯) યોજનામાં સમાવવાના રહેશે.<br>- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિ મળવાપાત્ર નથી. |
| ૩ | **BCK-16 Uniform Assistance** | - સદરહું યોજનામાં ધો-૧ થી ૮ના અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને લાભ આપવાનો રહેશે.<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- વર્ષ: ૨૦૨૦-૨૧ થી ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.<br>- બીસીકે ૨/૭૧, બીસીકે-૧૭, બીસીકે-૪ ના ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવાનો રહેશે. |
| ૪ | **BCK-4 Scholarship for Those Engaged in Cleaning and Prone to Health Hazards Occupation (Std: 1 to 8) & (Std: 9 to 10)** | - સદરહું યોજનામાં ધો-૧ થી ૧૦ના વિદ્યાર્થીઓ કે જેઓના વાલી અસ્વચ્છ વ્યવસાયમાં જોડાયેલા હોય તેઓને લાભ આપવાનો રહેશે. (અસ્વચ્છ વ્યવસાય એટલે કે ભારત સરકારશ્રીએ નક્કી કરેલ ગાઇડલાઇન મુજબના વ્યવસાય)<br>- પોર્ટલ પર વિદ્યાર્થીઓની એન્ટ્રી કરતી વખતે વાલીનુ Occupation "Unclean Occupation" પંસદ કરેલ હશે તો જ વિદ્યાર્થીને આ યોજનામાં લાભ મળી શકશે.<br>- સદરહુ યોજનામાં આવક મર્યાદા નથી.<br>- સદરહું યોજના અંતર્ગત વિદ્યાર્થીઓનુ નિયત ફોર્મ ભરી સાધનિક પુરાવા મેળવી શાળા કક્ષાએ અચુક રાખવાના રહેશે. (સાધનિક પુરાવામાં વિદ્યાર્થીના વાલીના વ્યવસાય અંગેનુ પ્રમાણપત્ર, જો કોઇ વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ પ્રમાણપત્ર, જો વિદ્યાર્થી હોસ્ટેલર હોય તો તે અંગેનુ પ્રમાણપત્ર ફરજિયાત ફોર્મ સાથે રાખવાનુ રહેશે.) (નિયત ફોર્મ સામેલ છે.)<br>- સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિ મળવાપાત્ર નથી. |
| ૫ | **BCK-35 (239) PreMatric Scholarship for SC Students (GoI) (Std: 9-10)** | - સદરહું યોજનામાં ધો-૯ થી ૧૦ના અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જાતિ પૈકી અતિપછાત જાતિના વિદ્યાર્થીઓ કે જેઓના વાલીની આવક રૂ. ૨.૫૦ લાખ થી ઓછી હોય તેઓને લાભ આપવાનો રહેશે.<br>- સદરહુ યોજનામાં વાલીની આવક મર્યાદા રૂ. ૨.૫૦ લાખ છે.<br>- સદરહું યોજના અંતર્ગત વિદ્યાર્થીઓનુ નિયત ફોર્મ ભરી સાધનિક પુરાવા મેળવી શાળા કક્ષાએ અચુક રાખવાના રહેશે. (સાધનિક પુરાવામાં વિદ્યાર્થીના જાતિના દાખલાવની પ્રમાણિત નકલ, જો કોઇ વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનુ પ્રમાણપત્ર, જો વિદ્યાર્થી હોસ્ટેલર હોય તો તે અંગેનુ પ્રમાણપત્ર ફરજિયાત ફોર્મ સાથે રાખવાનુ રહેશે.) (નિયત ફોર્મ સામેલ છે.) |

| | | |
|---|---|---|
| | | - સદરહું શિષ્યવૃતિનો લાભ મેળવનાર વિદ્યાર્થીને અન્ય શિષ્યવૃતિ મળવાપાત્ર નથી. |
| ૬ | **BCK-6 Free Cycle Scheme for Scheduled Caste Girls Students studying in Std:9 (Saraswati Sadhana Yojana)** | - ધો:૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિની કન્યાઓને આ લાભા આપવાનો રહેશે.<br>- સદરહું યોજનામાં વાલીની આવક મર્યાદા શહેરી વિસ્તાર માટે રૂ. ૧.૫૦ લાખ તથા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૧.૨૦ લાખ છે.<br>- ઓનલાઇન દરખાસ્તો કરતી વખતે પિતા/વાલીના આવકના દાખલાની નકલ તેમજ વિદ્યાર્થીનીના જાતિના દાખલાની / જાતિ પુરવાર કરતા કોઇ એક આધારભૂત પુરાવાની નકલ પણ અપલોડ કરવાની રહેશે. |

અન્ય સૂચનાઓ:

- વિદ્યાર્થી ગુજરાતના નાગરીક હોવા જોઇએ, અન્ય રાજ્યના વિદ્યાર્થીઓએ તેઓના રાજ્યમાંથી શિષ્યવૃતિ યોજનાનો લાભ લેવાનો રહે છે.
- ઉક્ત શિષ્યવૃતિ યોજનાઓ પૈકી વિદ્યાર્થીને જે યોજનામાં વધારે સહાય મળતી હોય તેવી યોજનાઓમાં સમાવવાના રહેશે.
- તમામ વિદ્યાર્થી ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર પાસ થયેલ હોવા જોઇએ અને નિયમિત વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.
- અમાન્ય શાળાઓએ શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવી નહી અને તેમ છતાં જો શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવામાં આવશે તો જે તે શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
- ઉક્ત તમામ શરતો માર્ગદર્શન પુરતી છે. આખરી અર્થ ઘટન સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર

પ્રાથમિક/માધ્યમિક શાળાઓ તેમજ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓ પાસેથી વર્ષ:૨૦૨૧-૨૨ની શિષ્યવૃતિ/ગણવેશ સહાય / સાયકલ સહાય યોજનાઓની **Online** દરખાસ્ત મેળવવા બાબતનુ તેમજ જિલ્લા કચેરીએ કરવાની થતી કામગીરીનું "માસવાર આયોજન" પત્રક

| અ. | માસ | શાળાઓની કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી | NIC દ્વારા થનાર કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | જુન-૨૦૨૧ | (૧) ગત વર્ષ ૨૦૨૦-૨૧ની શાળાના લોગીનમાંથી કોઇ પ્રપોઝલ મોકલવાની બાકી હોય તો તે મોકલી આપવી. (તા:૧૫/૦૬/૨૦૨૧ સુધીમાં)<br>(૨) વર્ષ ૨૦૨૧-૨૨ માટે NIC દ્વારા ૧ ધોરણ અપગ્રેડ કરેલ વિદ્યાર્થીઓની એન્ટ્રી તા:૧૫/૦૬/૨૦૨૧ સુધીમાં ચેક કરી જો સુધારા વધારા કરવાની જરૂર જણાય તો તે કરવા.<br>જો વિદ્યાર્થીએ શાળા છોડી દીધેલ હોય તો તેની એંટ્રી ડિલીટ કરવી. | (૧) વર્ષ ૨૦૨૦-૨૧ની જિલ્લાના લોગીનમાં મળેલ પ્રપોઝલ મંજુર કરવી<br>(૨) વર્ષ ૨૦૨૦-૨૧ના કોઇ Payment ના થયા હોય કે ગ્રાન્ટના અભાવે પેન્ડીંગ હોય તેવા બિલો બનાવી વર્ષ ૨૦૨૦-૨૧ની તમામ કામગીરી તા.૨૦/૦૬/૨૦૨૧ સધીમાં પૂર્ણ કરવાની રહેશે.<br>(૩) તમામ શાળાઓને વર્ષ ૨૦૨૧-૨૨નો પરીપત્ર તા:૦૫/૦૬/૨૦૨૧ સુધીમાં મોકલી આપવો. | પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓના ગતવર્ષના વિદ્યાર્થીઓનુ ૧ ધોરણ અપગ્રેડ કરી વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૨૧-૨૨ માટે પ્રપોઝલ બનાવવા મુકવા પ્રપોઝલ તથા બિલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ તથા Digital Gujarat Portal તથા IFMSના બીલોનુ તા:૨૦/૦૬/૨૦૨૧ સુધીમાં રીકન્સીલેશન કરવુ. |
| ૨ | જુલાઇ-૨૦૨૧ | (૧) ધો: ૨ થી ૮ના વિદ્યાર્થીઓની પ્રપોઝલ બનાવી તા:૧૫/૦૭/૨૦૨૦ સુધીમાં હાયર ઓથોરીટીને સેન્ડ કરવી.<br>(૨) ધો:૧, ધો:૯ તેમજ બીજા નવા વિદ્યાર્થીઓની એન્ટ્રી તા:૩૧/૦૭/૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવી તેમજ પ્રપોઝલ બનાવી હાયર ઓથોરીટીને સેન્ડ કરવી. | (૧) વર્ષ ૨૦૨૧-૨૨ની દરખાસ્તો શાળાઓ પાસેથી ઝડપથી મેળવી મંજૂરીની કામગીરી કરવી અને IFMSમાં બિલો બનાવી ચૂકવણાની કામગીરી કરવી. | (૧) જે વિદ્યાર્થીઓનુ ગત વર્ષનુ શિષ્યવૃતિનુ ચૂકવણું તેઓના ખાતામાં સીધુ થયેલ હતુ તેઓને પ્રપોઝલ સીધી જ બની જાય તે રીતે પોર્ટલમાં ઈફેક્ટ આપવી. |
| ૩ | ઓગસ્ટ – સપ્ટેમ્બર ૨૦૨૧ | બાકી રહેલ વર્ષ ૨૦૨૧-૨૨ના નવા વિદ્યાર્થીઓની પ્રપોઝલો ક્રિએટ કરી તા:૩૧/૦૮/૨૦૨૧ સુધી Higher Authority ને સેન્ડ કરવી. | (૧) શાળાઓ તરફથી વર્ષ ૨૦૨૧-૨૨ની પ્રલોઝલો જેમ જેમ ઓનલાઇન મળતી જાય તેમ તેમ નિયમોનુસાર મંજુરીની કામગીરી કરવી. શાળાઓ સાથે સંકલન કરી તા:૩૧/૦૮/૨૦૨૧ સુધીમાં તમામ પ્રપોઝલ મેળવવાની કાર્યવાહી પૂર્ણ કરવી.<br>(૨) મંજુર કરેલ પ્રપોઝલના બિલો બનાવી Treasury કચેરીમાં રજુ કરવા.<br>(૩) વર્ષ ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨ની ૧૦૦% પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય / સાયકલ સહાયની પ્રપોઝલ નિયમોનુસાર મંજૂર કરી બિલો બનાવી જિલ્લા તિજોરીમાં મોકલી આપવા અને તમામ વિદ્યાર્થીઓને તા:૧૫/૦૯/૨૦૨૧ સુધીમાં ચૂકવણું થઇ જાય તે મુજબનું આયોજન કરવુ. | (૧) જે વિદ્યાર્થીઓની એન્ટ્રી નવી થાય તેઓનું બેંક વેરીફીકેશન કરી પ્રપોઝલ બનવા માટે ઓપન કરાવવા.<br>(૨) પ્રપોઝલ તથા બિલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ |

નોંધ:-

- જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Payment Transaction Fail થયેલ હતા તેવા શાળાના તમામ વિદ્યાર્થીઓને જે તે બેંકનો સંપર્ક કરાવી વિદ્યાર્થી/પિતા-વાલીનુ ખાતુ એક્ટીવ રહે તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા તેવા વિદ્યાર્થીઓના ખાતા પણ ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કામગીરી કરવાની રહેશે.

- સૌ પ્રથમ તો જે તે વિદ્યાર્થીઓના બેંક ખાતા ખોલાવીને Students Entry કરવાની રહેશે. જો તમામ પ્રયત્નો પછી કોઇ વિદ્યાર્થીનું બેંક ખાતુ ખોલાવી શકાય તેમ ન હોય તો જ પિતા/વાલીના બેંક ખાતાની વિગત Student Entry કરતી વખતે નાખવાની રહેશે.
- પિતા/વાલીનું બેંક એકાઉન્ટ વધુમાં વધુ ૩ (ત્રણ) વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં નાખી શકાશે.
- જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા ઇન્ડીયન પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે. જો વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં ખુલી શકે તેમ ન હોય તો તેવા વિદ્યાર્થીઓના તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એંટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.
- જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦વર્ષ થી વધુ હોય તેવા વિદ્યાર્થીઓના આધારનંબર સાથે Postal Payment Bank માં "૦" ઝીરો બેલેન્સથી બેંક ખાતુ ખોલાવી શકાશે.

# અસ્વચ્છ વ્યવસાય મા રોકાયેલા વાલીઓના બાળકોને ભારત સરકારની પ્રિ-મેટ્રીક સ્કોલરશીપ યોજનાના હેતુ માટેનુ પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે .................................................................................. મોજે ગામ........................ તા..................... જિ......................... ના શ્રી પિતા/.................................................. ................................ નીચે દર્શાવેલ વ્યવસાય પૈકી ............................................ નો વ્યવસાય કરે છે. આ વ્યવસાયમાં તેઓ .......................... વર્ષથી રોકાયેલા છે તે અંગેની ખાત્રી આપવામાં આવે છે.

સ્થળ ..................................

તારીખ:

અધિકૃત અધિકારી/પદાધિકારીનુ નામ/હોદ્દો/સહી

વ્યવસાય:

૧) Manual Scavengers (મેન્યુઅલ સફાઇ કરનાર)(As Define Under Section 2(I)(g) of Manual Scavengers Act 2013)

૨) Tanners / Flayers (ચામડાં કમાવવામાં / ચામડા ઉતરડવામાં રોકાયેલ)

3) Waste Pickers (કચરો/નકામી વસ્તુઓ વીણવામાં/એકત્ર કરવામાં રોકાયેલ)

૪) Engaged in Hazardous Cleaning (જોખમી સ્વચ્છતામાં રોકાયેલ) (As Define in Section 2(I)(d) of Manual Scavengers Act 2013)

પ્રમાણપત્ર આપવા માટે અધિકૃત અધિકારી/પદાધિકારીશ્રીઓ

૧) સંસદ સભ્યશ્રીઓ
૨) રાજ્યના ધારા સભ્યશ્રીઓ
3) જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ
૪) મ્યુનિસીપાલીટીના મુખ્ય અધિકારીશ્રીઓ
૫) કોઇપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારીશ્રીઓ
૬) બીજા વર્ગના માનદ મેજીસ્ટ્રેટશ્રીઓ
૭) સંબધિત રાજ્ય સંઘપ્રદેશની સરકાર દ્વારા આ માટે ખાસ અધિકૃત કરેલ હોય તેવા અધિકારીશ્રીઓ
૮) અનુ.જાતિ અને અનુ.જન જાતિના મ્યુનિસિપલ કોર્પોરેટરો
૯) જિલ્લા/તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ
૧૦) મહાનગર પાલિકાના મેયરશ્રીઓ, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન અને નગરપાલિકાના અધ્યક્ષશ્રીઓ તથા ઉપાધ્યક્ષશ્રીઓ
૧૧) નગરપંચાયતોના અધ્યક્ષશ્રીઓ અને ઉપાધ્યક્ષશ્રીઓ
૧૨) સરપંચ તથા ઉપસરપંચશ્રીઓ (ફક્ત ગ્રામ્ય વિસ્તાર માટે)

# અસ્વચ્છ વ્યવસાયમાં રોકાયેલા વાલીઓના બાળકોએ શિષ્યવૃતિ મેળવવા માટેનુ અરજી પત્રક

(૧) વિદ્યાર્થી નું નામ :

(૨) વિદ્યાર્થીના મા-બાપ/વાલિનુ પુરૂનામ
સરનામુ :

(૩) કયા ધોરણમાં અભ્યાસ કરે છે.? :

(૪) જાતિ/પેટા જાતિ :

(૫) ધર્મ :

(૬) મા-બાપ/વાલિનો વ્યવસાય :
(સક્ષમ અધિકરીનુ પ્રમાણપત્ર જોડવુ)

(૭) ગત વર્ષે કયા ધોરણમાં અભ્યાસ કરતા હતા ?
તથા શાળાનુ નામ :

(૮) ગત વર્ષની વાર્ષિક પરીક્ષામા પાસ
કે નાપાસ :

(૯) વિદ્યાર્થી છાત્રાલયમાં રહે છે.? હા કે ના ? :
જો છાત્રાલયમાં રહેતા હોય તો છાત્રાલય નુ
પુરૂ નામ સરનામું અને છાત્રાલય ચલાવનાર
સંસ્થાનુ પુરૂ નામ

(૧૦) છાત્રાલયમાં પ્રવેશની તારીખ :

(૧૧) છાત્રાલયમાં રહેવા જમવાની શુ વ્યવસ્થા છે. ? :
અને કેટલો ચાર્જ લેવામાં આવે છે. ?

(૧૨) વિદ્યાર્થીનો બેંક ખાતાનં અને બેકનુ નામ :

(૧૩) વિદ્યાર્થીનો આધારકાર્ડ/એનરોલમેન્ટ નંબર (જો હોય તો) :

: એકરરનામું :

આથી હું ખાત્રી પૂર્વક ................................................................ નીચે સહી કરનાર રહેવાસી ગામ.........................., તાલુકો.........................., જિલ્લો.......................... જણાવુ છુ કે હું .................................... નો વ્યવસાય કરૂ છુ. મારો પૂત્ર/પુત્રી નામે .................................... ધોરણ................, શાળા ................................................................ માં અભ્યાસ કરે છે. મારા આ પુત્ર/પુત્રી આ શાળા અથવા અન્ય શાળામાં બીજી કોઇ શિષ્યવૃતિ યોજના હેઠળ લાભ મેળવતા નથી કે શિષ્યવૃતિ મેળવવા અરજી કરેલ નથી.

તારીખ:-

સ્થળ :-

(૧) વિદ્યાર્થીની સહી....................................

(૨) પિતા/વાલીની સહી....................................